26

નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧(૮)/૦૭/૧૯
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી,ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા. ૧૮ – ૦૯ – ૨૦૦૮.

:—: પ રિ પ ત્ર :—:

વિષય:— **નિગમની ફાળવણીની નીતિમાં સુધારા બાબત.**
સંદર્ભ:—પરિપત્ર ક્રમાંક.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧(૮)/૦૭ તા.૩૧–૦૫–૨૦૦૮.

:—:—:—:—:—:—:—:—:—:—:—:—:—:—:—:—:—:—:

નિગમની ફાળવણી બાદની પ્રવૃત્તિઓ અંગેની નીતિમાં નિગમની તા.૧૬–૦૫–૨૦૦૮ની ૪૩૭મી સભાના ઠરાવ ક્રમાંક.૬૪/વિતરણ/૪૩૭/૦૮ થી ઠરાવ્યા મુજબ પ્રવર્તમાન નીતિમાં મૂળભૂત સુધારા–વધારાને અમલમાં મુકવા સંદર્ભ દર્શિત તા.૩૧–૦૫–૨૦૦૮ ના પરિપત્રથી સુચનાઓ આપવામાં આવેલ છે. આ સંદર્ભે જુદા જુદા એસોસીએશન, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન તેમજ ઉદ્યોગકારો તરફથી માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (ઉદ્યોગ) તેમજ અન્ય સરકારી સંદર્ભો દ્વારા મળેલ રજુઆતો વિગેરે નિગમની તા.૦૮–૦૮–૨૦૦૮ ના રોજ મળેલ ૪૩૮ મી સભા સમક્ષ સાદર કરવામાં આવેલ. જે ઉપર ચર્ચા વિચારણાને અંતે નિગમે ઠરાવ ક્રમાંક.૮૧/વિતરણ/૪૩૮/૦૮ થી સદર નીતિમાં નીચે મુજબના આંશિક સુધારાને મંજુરી આપી અમલમાં મુકવાનું ઠરાવેલ છે. આથી સંદર્ભ દર્શિત તા.૩૧–૦૫–૨૦૦૮ ના પરિપત્રની અન્ય બાબતો યથાવત રાખી નીચે દર્શાવ્યા મુજબના આંશિક સુધારા અમલમાં મુકવાના રહેશે.

(૧) તા.૩૧–૦૫–૨૦૦૮ ના પરિપત્રના મોખરાના ચાર્જને લગતાં મુદ્દા નં.૭ ના મજકુરને બદલે નીચે મુજબનો મજકુર મુકવો.

૫૦,૦૦૦ ચો.મી. સુધીના પ્લોટમાં ૫ (પાંચ) ટકા ત્યારબાદ પ્રતિ ચો.મી.ના રૂા.૧૫/– તેમજ ૧૯૯૫ ના પરિપત્ર મુજબ પ્લોટના ક્ષેત્રફળને ધ્યાનમાં રાખવાનો રહેશે.

(૨) બાંધકામના નકશાની મંજુરી "વિતરણ તારીખથી ત્રણ માસ" ને બદલે "પ્લોટનો પ્રત્યક્ષ કબજો લીધા તારીખથી ત્રણ માસમા" અને બાંધકામ શરૂ કરવા માટે "વિતરણ તારીખથી છ (૦૬) માસ" ને બદલે "પ્લોટનો પ્રત્યક્ષ કબજો મેળવ્યાના બાર (૧૨) માસમાં" કરવાનું રહેશે.

(૩) તા.૩૧–૦૫–૨૦૦૮ ના પરિપત્રના મુદ્દા નં.૧૦ (ક) ને યથાવત રાખી, તેમા નીચે મુજબનો પેરા ઉમેરવો.

"અથવા જે તે પ્રોસેસના એક ભાગરૂપે પ્લોટ/શેડનો ઉપયોગ કરવામાં આવે હોય, જેમ કે માલ સુકવવા, માલ સ્ટોક કરવા અથવા અન્ય કોઈ રીતે વપરાતો હોય તો ધંધાને અનુરૂપ તેને વપરાશી ગણવો."

આ પરિપત્રનો અમલ તાત્કાલિક અસરથી કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ જનરલ મેનેજર(વિતરણ)ને નામજોગ પાઠવવી.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ તરફ....

**નકલ રવાના.**

- પ્રમુખશ્રી,ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન,અમદાવાદ તરફ જાણસારૂ.
- નિગમની તમામ વસાહતોના માન્ય ઔદ્યોગિક મંડળોના પ્રમુખશ્રીઓ તરફ જાણ સારૂ.

રવાના કર્યું.
(સહી) ૧૦/૦૮
મેનેજર(મહેકમ)